# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no:-૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org


જા નં/મા-૨/વિ.સ./૨૦૨૫/ ૧૧૪૪ તા.૦૪/૧૦/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત, જિ.સુરત

વિષય : તા:-07/10/2025 થી તા:-15/10/2025 સુધી વિકાસ સપ્તાહ આયોજન નિમિત્તે કાર્યક્રમો યોજવા બાબત.

સંદર્ભ : સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, માધ્યમિક, કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : ઘ/માધ્ય/પરચ/2025/10652-685 તા:03/10/2025.

ઉપરોક્ત વિષય અને સંદર્ભપત્ર જણાવવાનું કે તા:07/10/2025 થી તા:15/10/2025 સુધી વિકાસ સપ્તાહ આયોજન નિમિત્તે સંદર્ભ પત્રમાં દર્શાવ્યા મુજબ શાળા કક્ષાએ જે-તે થીમ મુજબ જે-તે દિવસે વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ભીંત ચિત્રો અને ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવાનું છે. વિવિધ કાર્યક્રમોના અહેવાલ અને ફોટોગ્રાફની હાર્ડકોપી કચેરી ખાતે અને સોફ્ટ કોપી suratdeoevent@gmail.com પર ઈમેઈલથી મોકલી આપવા જણાવવામાં આવે છે.

બીડાણ: સંદર્ભપત્ર

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત,જિલ્લો-સુરત

## કમિશનર શાળાઓની કચેરી

## વિદ્યા સમીક્ષા કેંદ્ર, સે-૧૯, પુનિત વનની સામે, ગાંધીનગર-૩૮૨૦૧૦.

....ક્રમાંક: ઘ/માદચ/પરચ/૨૦૨૫/૧૦૬૫૨-૬૬૫ તા.૦૩-૧૦-૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ),
ગુ.રા.

<u>વિષય</u>: તા.૦૭/૧૦/૨૦૨૫ થી તા.૧૫/૧૦/૨૦૨૫ સુધી વિકાસ સપ્તાહના આયોજન નિમિતે કાર્યક્રમો યોજવા બાબત.

<u>સંદર્ભ</u>: (૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૭/૧૦/૨૦૨૪ ના ઠરાવક્રમાંક નં-**GAD/AWR/e-file/1/2024/5639/ARTD2**

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે. તા.૦૭/૧૦/૨૦૨૫ થી તા.૧૫/૧૦/૨૦૨૫ સુધી વિકાસ સપ્તાહના આયોજન નિમિતે વિવિધ થીમ હેઠળ જુદા જુદા કાર્યક્રમો કરવાના થાય છે. સદર બાબતે માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જે-તે થીમ મુજબ જે-તે દિવસે વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ભીંત ચિત્રો અને ક્વિઝ સ્પર્ધાનું આયોજન આપના તાબા હેઠળની તમામ શાળાઓમાં થાય તે સુનિશ્ચિત કરી તેના અહેવાલ અને ફોટોગ્રાફની હાર્ડકોપી આપની કચેરી કક્ષાએ સંકલિત રાખી તેની સોફ્ટ કોપી અત્રેના ઇ-મેઇલ **ssmadhyamik3@gmail.com** પર મોકલી આપવા જણાવવામા આવે છે.

બિડાણ: ઉપર મુજબ

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર.

નકલ સવિનય રવાના જાણ સારું.

- મા.અગ્ર સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક)ના અંગત મદદનીશશ્રી, વિદ્યા સમીક્ષા કેંદ્ર, ગાંધીનગર.

૭ ઓક્ટોબર થી ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન વિકાસ સપ્તાહની ઊજવણી કરવા બાબત..

E- 3950
1/10/9.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક : GAD/AWR/e-file/1/2025/3466/ARTD2
સચિવાલય, ગાંધીનગર
તા.૩૦/૦૯/૨૦૨૫

વંચાણમાં લીધો : સામાન્ય વહીવટ વિભાગના તા.૦૭/૧૦/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક: GAD/AWR/e-file/1/2024/5639/ARTD2

પરિપત્ર:

વંચાણમાં લીધેલ વિભાગના તા.૦૭/૧૦/૨૦૨૪ના ઠરાવથી ગુજરાતની વિકાસ યાત્રાને અવિરત ચાલુ રાખી "નાગરિક પ્રથમ અભિગમ" સાથે લોકાભિમુખ અને સક્રિય શાસનના પગલાના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં દર વર્ષે ૭ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન "વિકાસ સપ્તાહ" ઉજવવાનું ઠરાવવામાં આવેલ છે.

૨. ઉક્ત ઠરાવ અંતર્ગત આ વર્ષે ૭ થી ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ – "વિકાસ સપ્તાહ" દરમિયાન નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ વિષયવાર દિવસની ઉજવણી સંબંધિત વિભાગો દ્વારા કરવાની રહેશે.

| અ.નં | તારીખ | વિષયવાર દિવસ અને વિભાગનું નામ | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | ૭ ઓક્ટોબર, ૨૦૨૫ | યુવા સશક્તિકરણ દિવસ – રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ક્વિઝ સ્પર્ધા/ નિબંધ સ્પર્ધા; વક્તૃત્વ/પ્રવચન; તજજ્ઞો દ્વારા વ્યાખ્યાન માળા તેમજ જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીઓ દ્વારા જિલ્લાની અગ્રગણ્ય સંસ્થા/યુનિવર્સિટીમાં કાર્યક્રમનું આયોજન |



3019

| | | | |
|---|---|---|---|
| ૨ | ૮ ઓક્ટોબર, ૨૦૨૫ | રોજગાર મેળો –<br>શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ | કુલ ૩૩ રાજ્યવ્યાપી કાર્યક્રમો, યુવાનોને મહાનુભાવોની ઉપસ્થિતિમાં રોજગાર એનાયતપત્ર વિતરણ તથા કામચલાઉ પ્લેસમેન્ટ ઓફર પત્રોનું વિતરણ, ITI ને અપગ્રેડ કરવા તેમજ તાલીમ અને પ્લેસમેન્ટ સપોર્ટ માટે ઉદ્યોગો સાથે MoUs |
| ૩ | ૯ ઓક્ટોબર, ૨૦૨૫ | પોષણ દિવસ –<br>મહિલા અને બાળ વિકાસ વિભાગ | ટી.એચ.આર., સરગવા અને મિલેટથી વિવિધ વાનગીઓનું નિદર્શન |
| ૪ | ૯ અને ૧૦ ઓક્ટોબર, ૨૦૨૫ | ઉદ્યોગ સાહસિકતા દિવસ –<br>ઉદ્યોગ અને ખાણ વિભાગ | મહેસાણા ખાતે વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સંમેલન – MSME કોન્કલેવ, ઉદ્યમિતા સહાય મેળા, વેન્ડર ડેવલપમેન્ટ કાર્યક્રમ, રીવર્સ બાયર્સ સેલર મીટ, પ્રાદેશિક પુરસ્કારો, અગ્રણી ઉદ્યોગપતિઓ, યુવા ઉદ્યોગ સાહસિકો દ્વારા તેમની વિકાસ યાત્રાનું અનુભવ કથન.<br>આ પ્રદેશો વિકસિત ગુજરાત@૨૦૪૭ના વિઝનમાં કેવી રીતે યોગદાન આપી શકે તેના વિષે ચર્ચા.<br>સ્ટાર્ટઅપ હેકાથોન, સ્ટાર્ટઅપ્સ દ્વારા પિચીંગ સેશન વગેરે: ઉદ્યોગ |

| | | | |
|---|---|---|---|
| | | | સાહસિકોના ઉત્પાદનોનું વિશાળ પ્રદર્શન તેમજ pop-up સ્ટેજ |
| ૫ | ૧૧ ઓક્ટોબર, ૨૦૨૫ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | મહાત્મા મંદિર ખાતે રાજ્ય કક્ષાના કાર્યક્રમો, વિવિધ યોજનાઓના લાભાર્થીઓને લાભ વિતરણ,<br>પંચાયત એડવાન્સમેન્ટ ઇન્ડેક્સ વિષે માર્ગદર્શન,<br>વિવિધ યોજનાઓ અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરનાર ગ્રામ પંચાયતોનું સન્માન,<br>ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડને લગતી જાહેરાત,<br>રાજ્યની તમામ ગ્રામ પંચાયત ખાતે પંચાયત ઘરનું સામૂહિક ખાતમુહૂર્ત,<br>કચ્છ સખી મંડળ દ્વારા પ્લાસ્ટિકમાંથી તૈયાર કરાયેલ યુનિક વસ્તુનું પ્રદર્શન,<br>દાહોદ સખી મંડળ દ્વારા પ્લાસ્ટીક બોટલના ઉપયોગ દ્વારા તૈયાર કરાયેલ અનોખી વસ્તુનું પ્રદર્શન, ડ્રોન દીદી દ્વારા ડ્રોન ઉડાડી કામગીરીનું પ્રદર્શન |
| ૬ | ૧૨ અને ૧૩ ઓક્ટોબર, ૨૦૨૫ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | તમામ મહાનગરપાલિકાઓમાં સ્થાનિક કલાકારોના સહયોગથી રીસાઇકલ કરેલી વસ્તુઓનો ઉપયોગ કરી સાર્વજનિક સ્થાપત્યનું સર્જન, |

| | | | |
|---|---|---|---|
| | | | તમામ મહાનગરપાલિકાઓના પ્રખ્યાત જાહેર સ્થળોની દિવાલો પર ભીંત ચિત્રો બનાવવા તેમજ રાજયની તમામ નગરપાલિકાઓ પણ સમાન ધોરણે કામ કરશે. |
| ૭ | ૧૪ ઓક્ટોબર, ૨૦૨૫ | કૃષિ વિકાસ દિવસ તેમજ રવિ કૃષિ મહોત્સવ - કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | રાજ્ય વ્યાપી કાર્યક્રમનો શુભારંભ, રવિ કૃષિ મહોત્સવ અંતર્ગત પાક પરિસંવાદો અને ખેડૂત માર્ગદર્શન, કૃષિ પ્રદર્શનો, પશુ આરોગ્ય મેળા, નવીન ટેકનોલોજી આધારિત પ્રદર્શનો-સ્ટોલ જેવી અનેકવિધ ખેડૂતલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન |
| ૮ | ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ | લોકાર્પણ અને ખાતમુહૂર્ત- સામાન્ય વહીવટ વિભાગ(આયોજન) તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | લોકાર્પણ અને ખાતમુહૂર્ત માટે રાજ્યકક્ષાનો કાર્યક્રમ, કાર્યક્રમની સંપૂર્ણ વ્યવસ્થા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે કરવાની રહેશે. |

**૩. સપ્તાહ દરમિયાન નીચે મુજબના કાર્યક્રમો ઉજવવાના રહેશે.**

૩.૧ <u>શિક્ષણ વિભાગ</u> :

સ્ટાર્ટઅપ કોન્કલેવ, Hackathon, નિબંધ સ્પર્ધા, ભીંત ચિત્રો, ક્વિઝ સ્પર્ધા, વેબિનાર, વર્કશોપ તેમજ રિસર્ચ પેપર, લખપતિદીદી અને ડ્રોન દીદીના કોલેજ અને યુનિવર્સિટીમાં સેમીનાર, "Swami Vivekananda Competitive Examination Study Centre" ના લોકાર્પણ કાર્યક્રમ વિગેરે કાર્યક્રમો યોજવાના રહેશે.

**૩.૨ રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ :**

સાબરમતી રિવરફ્રન્ટ ખાતે પ્રદર્શનોનું સપ્તાહ દરમિયાન આયોજન કરવાનું રહેશે.

**૩.૩ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ:**

માહિતી અને પ્રસારણ વિભાગના સહયોગથી જિલ્લાદીઠ એક ગ્રામીણ વિસ્તાર માટે વિકાસ રથના વિકાસરથનું આયોજન કરવાનું રહેશે આ ઉપરાંત જિલ્લા કક્ષાએ પંચાયત દ્વારા વિકાસ રથના માધ્યમથી ભારત સરકાર અને ગુજરાત સરકારની અગત્યની યોજનાઓનો પ્રચાર પ્રસાર, તમામ સરકારી સંસ્થાઓમાં "સ્વચ્છતા શપથ", ગ્રામ્ય કક્ષાએ શાળાઓ અથવા સાર્વજનિક સ્થળોએ વિશેષ અતિથિની ઉપસ્થિતિમાં ગ્રામજનોમાં જનજાગૃતિ ફેલાવવી, જિલ્લા પંચાયત તેમજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી હસ્તકની તમામ કચેરીઓમાં સ્વચ્છતાના કાર્યક્રમો તેમજ દફતર વર્ગીકરણ તેમજ તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણને લગત ઓડિયો વિડિયો નિદર્શન, સાર્વજનિક સ્થળોએ સફાઈ ઝુંબેશ તથા પ્લાસ્ટિક એકત્રીકરણ ઝુંબેશ, સ્વચ્છ ભારત મિશન(ગ્રા) યોજનાની અસ્કયામતોના લોકાર્પણ અને ખાત મુહૂર્તનું આયોજન કરવાનું રહેશે.

**૩.૪ મહિલા અને બાળ વિકાસ વિભાગ :**

જિલ્લા, તાલુકા, સેજા અને આંગણવાડી કક્ષાએ સપ્તાહની ઉજવણી કરવાની રહેશે તેમાં આઈ.વાય.સી.એફ(Infant and young Child Feeding) અંતર્ગત "સુપોષણ સંવાદ" અને "અન્નપ્રાશન", ધાત્રી માતાઓને શિશુ અને નાના બાળકોની ખોરાક આપવાની પદ્ધતિઓ વિશે કાઉન્સેલીંગનું આયોજન કરવાનું રહેશે. પોષણ ભી પઢાઈ ભી (PBPB)/ECCE, પૂર્ણા - ૧૧ થી ૧૪ વર્ષની કિશોરીઓને પોષણ અને બિન-પોષણ સેવાઓ, પોષણ વિષયક થીમ ઉપર ભીંત સૂત્રલેખન, પોષણ શપથ, Social/Digital media Campaign વિગેરેનું આયોજન કરવાનું રહેશે.

**૩.૫ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ :**

જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ બે દિવસીય કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે જેમાં પ્રથમ દિવસે પાક પરિસંવાદ, પ્રગતિશીલ ખેડૂતો દ્વારા સંવાદ/વકતવ્ય/ગોષ્ઠી, અદ્યતન ટેકનોલોજી સહિત કૃષિ પ્રદર્શન, તાલુકા કક્ષાએ પશુ આરોગ્ય મેળા, શ્રેષ્ઠ "આત્મા"

ખેડૂતો/પશુપાલકોનું સન્માન તથા બીજા દિવસે પ્રાકૃતિક કૃષિ પ્રદર્શન, પ્રાકૃતિક કૃષિના એક મોડેલ ફાર્મની મુલાકાતનું આયોજન કરવાનું રહેશે.

૩.૬ <u>સામાન્ય વહીવટ વિભાગ(આયોજન)</u> :

જિલ્લા કક્ષાએ ખાત મુહૂર્ત અને લોકાર્પણના કાર્યક્રમો યોજવાના રહેશે. જે વિભાગના સૌથી વધુ લોકાર્પણ-ખાત મુહૂર્ત કાર્યક્રમો હોય, તે વિભાગે કાર્યક્રમના સ્થળ ખાતે કાર્યક્રમની સંપૂર્ણ વ્યવસ્થા ગોઠવવા કાર્યવાહી કરવાની રહેશે.

૪. વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત ઉક્ત બાબતે વિગતવાર કાર્યક્રમ અંગેની સૂચનાઓ સંબંધિત વિભાગે બહાર પાડવાની રહેશે અને આ અંગેની જાણ સામાન્ય વહીવટ વિભાગને કરવાની રહેશે.

૫. આ પરિપત્ર વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની નોંધ પર મળેલ અનુમતિ અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. જયશંકર ઓદવાણી)
સરકારના નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકારશ્રી/સલાહકારશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી/સચિવશ્રી/ખાસ ફરજ પરના અધિકારીશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓ/માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, તમામ વિભાગો, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ /રાજકોટ.
- સચિવાલયના સર્વે વિભાગો. (તેમના નિયંત્રણ હેઠળના તમામ ખાતાના વડાઓ / ખાતાના વડા હેઠળની કચેરીઓના તાત્કાલિક ધ્યાને લાવવાની સૂચના સહ).
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ / સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, વેબસાઈટ પર જરૂરી પ્રસિદ્ધિ અર્થે. .
- [illegible] સેકશન અધિકારી – સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.